For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# ઉમરગામ-વાપીમાં કમોસમી વરસાદ

**ઉમરગામમાં** તો એક કલાક સુધી વરસાદ વરસતાં ખેડૂતોમાં ચિંતા





(તસવીર : ઉમેશ સોલંકી)

ઉમરગામ, વાપી : ઉમરગામ તાલુકામાં સવારે જોરદાર વરસાદી ઝાંપટા પડ્યા હતા. અને વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી કસમોસમી વરસાદની આગાહી પ્રમાણે શનિવારે ઉમરગામ તાલુકામાં સવાર સવારના સમયે એકાદ કલાક સુધી વરસાદ વરસ્યો હતો. અચાનક પડેલા વરસાદના કારણે ખેડૂતો ચિંતામાં મુકાઈ ગયા હતા.

ઉપરાંત વાપી વિસ્તારમાં શનિવારના રોજ મળસ્કે ઝરમર વરસાદ થયો હતો. થોડી મિનિટો માટે આવેલા વરસાદને પગલે ધરતી ભીંજાયેલી જોવા મળી હતી. વરસાદને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. વલસાડ જિલ્લા સહિત

...અનુસંધાન પાના 7 પર

## કાળઝાળ ગરમી વચ્ચે ડાંગમાં મેઘરાજાના અમીછાંટણા

**પ્રકૃતિ** સોળે કળાએ ખીલતાં વાતાવરણ આહલાદક બન્યું

**સાપુતારામાં** વીકેન્ડની મજા માણવા સહેલાણીઓની ભારે ભીડથી પ્રવાસન ઉદ્યોગમાં તેજીનો માહોલ

સાપુતારા : ડાંગ જિલ્લાનાં વાતાવરણમાં આજે વહેલી સવારથી જ એકાએક નાટકીય પલટો જોવા મળ્યો હતો. સમગ્ર પંથકમાં વહેલી સવારથી જ આકાશ વાદળછાયુ વાતાવરણ બની ગયુ હતુ અને ડાંગના અંતરિયાળ ગામડાઓમાં અચાનક જ અમીછાટણા શરૂ થયા હતા. ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે અચાનક પડેલા આ અમીછાટણાના કારણે સમગ્ર જિલ્લાના વાતાવરણમાં અદભુત ઠંડક પ્રસરી ગઈ છે, જેને પગલે સ્થાનિક લોકોને અસહ્ય ઉકળાટ અને ગરમીમાંથી મોટી રાહત મળી છે. જેમાં પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઉઠતા ડાંગના જંગલો અને ડુંગરાળ વિસ્તારોનો

...અનુસંધાન પાના 7 પર

**8 વર્ષની બાળકી ગાર્ડનમાં આઇસક્રીમ લેવા માટે ગઇ હતી**

# ઘોડદોડ રોડ પર રખડતા કૂતરાએ બાળકીનો પગ ફાડી નાંખ્યો

**તાતીથૈયામાં** 6 વર્ષના માસૂમને ત્રણ કૂતરાંએ બચકાં ભર્યા

**વેકેશન** દરમિયાન જાહેર બગીચાઓ બન્યા ‘ડેન્જર ઝોન’



સુરતઃ શુક્રવારે સાંજે ઘોડદોડ રોડ વિસ્તારમાં આવેલી એક ગાર્ડનમાં વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી, જેમાં 8 વર્ષની બાળકી પર રખડતાં કૂતરાએ હુમલો કરી તેનો પગ ફાડી નાંખ્યો હતો. બીજી તરફ કડોદરા વિસ્તારમાં પણ 6 વર્ષના માસૂમ બાળક પર ત્રણ કૂતરાંએ જીવલેણ હુમલો કરતાં તેને ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડવો પડ્યો હતો.

સુરત શહેર અને આસપાસના વિસ્તારોમાં રખડતાં કૂતરાંનો આતંક દિવસેને દિવસે ગંભીર બનતો જઈ રહ્યો છે. એક તરફ સુપ્રીમ કોર્ટ દ્વારા ખતરનાક કૂતરાંના મુદ્દે કડક વલણ અપનાવવામાં આવી રહ્યું છે, ત્યારે બીજી તરફ સુરતમાં નાના બાળકો પર થતાં હુમલાઓથી લોકોમાં ભય અને રોષ ફેલાઈ રહ્યો છે. ખાસ કરીને ઉનાળાની રજાઓ દરમિયાન બાળકો મોટી સંખ્યામાં ગાર્ડન અને જાહેર સ્થળોએ રમવા માટે જતાં હોવાથી માતા-પિતાની ચિંતામાં સતત વધારો થઈ રહ્યો છે. મળતી માહિતી મુજબ, મૂળ મહારાષ્ટ્રના રહેવાસી રાજીવભાઈ હિરોળે હાલમાં ઘોડદોડ રોડ પર જુવેનાઇલ કોર્ટ નજીક આવેલા રોયલ વિલા એપાર્ટમેન્ટમાં પરિવાર સાથે રહે છે અને ત્યાં સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવે છે. હાલમાં તેઓ પોતાના વતન ગયા હોવાથી ઘરમાં પત્ની સંગીતાબેન અને સંતાનો હતા. શુક્રવારે સાંજે તેમની 8 વર્ષની પુત્રી અનન્યા તેના ભાઈ-બહેનો સાથે ઘંટીવાલા ગાર્ડનમાં ફરવા માટે ગઈ હતી. સંગીતાબેન બાળકો માટે ગાર્ડનની બહારથી આઈસ્ક્રીમ લઈને આવ્યાં હતાં. અનન્યા આઈસ્ક્રીમ લઈને ગાર્ડનની અંદર જઈ રહી હતી ત્યારે અચાનક ત્યાં ફરતા એક રખડતાં કૂતરાએ તેના પર હુમલો કરી ડાબા પગમાં બચકું ભર્યું હતું. પુત્રીની ચીસો સાંભળતા માતા દોડી આવ્યાં હતાં. ઈજાગ્રસ્ત હાલતમાં બાળકીનો પગ લોહીલુહાણ થઈ ગયો હતો. તાત્કાલિક તેને રિક્ષામાં નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં ડોક્ટરોએ તાકીદની સારવાર શરૂ કરી હતી. બાળકીને એન્ટી રેબીઝ ઈન્જેક્શન સહિત જરૂરી સારવાર આપવામાં આવી હતી. હાલ બાળકીની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.

### ગાર્ડન પાસે ચારથી પાંચ કૂતરાં સતત ફરી રહ્યાં હતાં: બાળકીની માતા

ઘટના અંગે બાળકીની માતા સંગીતાબેને જણાવ્યું હતું કે, ગાર્ડનની આસપાસ રોજ ચારથી પાંચ રખડતા કૂતરાનો ત્રાસ રહે છે. બાળકો ગાર્ડનમાં રમતા હોય છતાં કોઈ નિયંત્રણ જોવા મળતું નથી. તેમણે કહ્યું કે, “બાળકો આઈસ્ક્રીમ ખાવા અને ગાર્ડનમાં ફરવા જવાની જીદ કરતાં હોવાથી હું તેમને લઈને આવી હતી. ગાર્ડનની પાસે ઘણાં કૂતરા સતત ફરતા હતા. તેમાંના એકે અચાનક અનન્યા પર હુમલો કરી તેનો પગ ફાડી નાખ્યો. ઘટના જોઈ ત્યાં હાજર લોકો પણ ગભરાઈ ગયા હતા અને બાળકોને લઈને તરત બહાર નીકળી ગયા હતા.”

### તાતીથૈયામાં 6 વર્ષના બાળક પર ત્રણ કૂતરાંનો હુમલો

સુરત, પલસાણાઃ સુરત શહેર બાદ હવે ગ્રામ્ય વિસ્તારોમાં પણ રખડતાં કૂતરાંનો ખતરો ગંભીર બની રહ્યો છે. કડોદરાની ગોકુલધામ સોસાયટીમાં રહેતો 6 વર્ષીય રોહિત સિંહ પોતાના ઘર નજીક રમતો હતો ત્યારે અચાનક ત્રણ રખડતાં કૂતરાએ તેના પર હુમલો કર્યો હતો. કૂતરાંએ બાળકને જમીન પર પાડી શરીરના અલગ અલગ ભાગોમાં બચકાં ભર્યા હતા. બાળકની ચીસો સાંભળીને સ્થાનિક લોકો અને પરિવારજનોએ દોડી આવી કૂતરાંને ભગાડ્યા હતા. ગંભીર

...અનુસંધાન પાના 7 પર

### પાલિકા સામે લોકોમાં ભારે રોષ

સુરત શહેરમાં સતત વધી રહેલા ડોગ બાઇટના બનાવો છતાં મનપા દ્વારા અસરકારક કાર્યવાહી ન થતી હોવાનો આક્ષેપ લોકો કરી રહ્યા છે. બાગ-બગીચાઓ, સોસાયટીઓ અને જાહેર માર્ગો પર રખડતાં કૂતરાંના ટોળા જોવા મળતા હોવા છતાં યોગ્ય નિયંત્રણ ન હોવાથી લોકોમાં અસુરક્ષાની ભાવના વધી રહી છે. સ્થાનિક લોકોનો સવાલ છે કે, શું તંત્ર કોઈ મોટી દુર્ઘટના બાદ જ જાગશે?, શું નિર્દોષ બાળકોની સુરક્ષા માટે પહેલાંથી કડક પગલાં લેવામાં આવશે? વેકેશન દરમિયાન બાળકો મોટી સંખ્યામાં બહાર

...અનુસંધાન પાના 7 પર




(તસવીર : ઈલ્યાસ શેખ)

# વ્યારા તા.પં.ની ચૂંટણી પૂર્વે કોંગ્રેસી સભ્યોને ગંગાધરા ચોકીમાં પૂરી દીધા

**બહુમતી** છતાં કોંગ્રેસના 13 સભ્યની ગેરકાયદે અટકાયતથી હાઈવોલ્ટેજ ડ્રામા

પલસાણા, વ્યારાઃ વ્યારા તાલુકા પંચાયતની પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી પૂર્વે શનિવારે ગુજરાતના રાજકારણમાં એક કાળો અધ્યાય લખાયો છે. સત્તાધારી પક્ષના ઈશારે વહીવટી તંત્ર અને પોલીસ પ્રશાસન કઈ હદે નતમસ્ત થઈ શકે છે તેનો વરવો નમૂનો પલસાણા હાઈવે પર જોવા મળ્યો હતો. વ્યારામાં ૨૦માંથી ૧૩ બેઠક સાથે સ્પષ્ટ બહુમતી ધરાવતા કોંગ્રેસના સભ્યોને ભાજપના તોડજોડ અને પક્ષપલટાના રાજકારણથી બચાવવા માટે દમણના એક રિસોર્ટમાં રાખવામાં આવ્યા હતા. શનિવારે સવારે ૧૧ વાગ્યે યોજાનારી ચૂંટણીમાં મતદાન કરવા માટે જ્યારે આ તમામ ૧૩ સભ્ય વ્યારા પરત આવી રહ્યા હતા, ત્યારે પોલીસ તંત્રએ આયોજનબદ્ધ ષડયંત્રના ભાગરૂપે તેમને પહેલા નવસારી અને ત્યારબાદ પલસાણા

...અનુસંધાન પાના 7 પર

### દેવેન કાપડીનો આક્રોશ અને હૈયાફાટ રૂદન

પોલીસ સ્ટેશનના પરિસરમાં કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડતા જોઈને કોંગ્રેસના પીઢ કાર્યકર દેવેન કાપડી માનસિક રીતે ભાંગી પડ્યા હતા. સાથી સભ્યોની ગેરકાયદે અટકાયત જોઈને તેમણે પોલીસ સ્ટેશન પરિસરમાં જ પોક મૂકીને હૈયાફાટ રૂદન શરૂ કરી દીધું હતું. ભારે આક્રોશ અને આક્રંદ સાથે તેમણે ઉપસ્થિત પોલીસ અધિકારીઓ સમક્ષ હાથ જોડીને આજીજી કરતાં સત્ય ઉચ્ચાર્યું હતું કે, ‘અમારા સભ્યો નિર્દોષ છે, તેમણે કોઈ ગુનો કર્યો નથી. મહેરબાની કરીને સત્તાધીશોના ઈશારે લોકશાહીનું ખૂન ન કરો અને અમારા સભ્યોને છોડી દો.’ એક સનિષ્ઠ કાર્યકરના આ આક્રંદે ત્યાં હાજર અન્ય કાર્યકરો અને સ્થાનિક લોકોની આંખો પણ ભીની કરી દીધી હતી. પ્રશાસનની ક્રૂરતા સામે એક લાચાર નાગરિકનો આ આક્રોશ સોશિયલ મીડિયા પર પણ ભારે ચર્ચાનો વિષય બન્યો છે.

### વિરોધ પક્ષના નેતા તુષાર ચૌધરીની લાચારી અને પ્રશાસનનો ખોફ

આ હાઈવોલ્ટેજ ડ્રામાની જાણ થતાં જ વિરોધ પક્ષના નેતા તુષાર ચૌધરી તાબડતોબ ગંગાધરા પોલીસ સ્ટેશન દોડી આવ્યા હતા. તેમણે આ ઘટનાને ભાજપ સરકારના ઈશારે ઘડાયેલું હીન ષડયંત્ર ગણાવ્યું હતું. તુષાર ચૌધરીએ ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી, રેન્જ આઈ.જી. અને ડી.એસ.પી. સાથે ટેલિફોનિક વાતચીત કરીને ન્યાયની માંગ કરી હતી, પરંતુ આશ્ચર્યજનક રીતે સ્થાનિક પીએસઆઈએ ઉચ્ચ અધિકારીઓના આદેશોની પણ સરેઆમ અવગણના કરીને સભ્યોને સમયસર મુક્ત કર્યા નહોતા. આ ઘટના એ બાબતની સાબિતી છે કે આજે ગુજરાતમાં વિરોધ પક્ષના નેતાની પણ કોઈ ગણતરી રહી નથી. જ્યારે કાયદેસરના વિરોધ પક્ષના નેતાને બેસવા માટે ખુરશી આપતા પણ સરકારી અધિકારીઓ ગભરાતા હોય, ત્યારે સામાન્ય પ્રજાની શું હાલત થઈ શકે તેની કલ્પના જ ધ્રુજાવી દે તેવી છે. અધિકારીશાહી પર શાસક પક્ષનો ખોફ લોકશાહીના સંપૂર્ણ પતનનો સંકેત આપી રહ્યો છે.

# પાલ બ્રિજ પાસે ૩૫ ફૂટના પોલ પર ચડી બીડી ફૂંકી

**માનસિક** અસ્થિર યુવકની જોખમી હરકતથી લોકોના શ્વાસ અધ્ધર

**ફાયર** બ્રિગેડે દોઢ કલાકની જહેમત બાદ સલામત નીચે ઉતાર્યો

સુરત : સુરતના પાલ ઉમરા ગામ નજીક આવેલા સત કૈવલ સર્કલ પાસે શુક્રવારે રાત્રે એક માનસિક અસ્થિર યુવકે હાઈ-ટેક સીસીટીવી કેમેરાના પોલ પર ચઢી જઈ ભારે ઉત્પાત મચાવતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો. શુક્રવારે રાત્રે અંદાજે 8:30 કલાકે આ યુવક અચાનક સુરક્ષા વ્યવસ્થા માટે લગાવેલા આશરે 35 ફૂટ ઊંચા હાઈ-ટેક સીસીટીવી વિજપોલ પર ચઢી ગયો હતો. આ જોખમી હરકત જોઈને ત્યાંથી પસાર થતા રાહદારીઓના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા અને ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. યુવક પોલની ઉપર પહોંચીને ક્યારેક કેમેરા ખેંચવાનો તો ક્યારેક તેને તોડવાનો પ્રયાસ કરતો હતો. રાત્રિના અંધારામાં પણ તે કોઈપણ જાતના ડર વગર બિન્દાસ રીતે પોલ પર બેસીને બીડી ફૂંકતો નજરે પડતા લોકો વધુ ગભરાઈ ગયા હતા. આ સમગ્ર હાઈવોલ્ટેજ ડ્રામાનો વીડિયો સોશિયલ મીડિયા પર ભારે પ્રમાણમાં વાયરલ થતાં ચર્ચાનો વિષય બન્યો હતો.

યુવક ક્યાંક ઉપરથી નીચે પટકાઈ ન જાય તે ભયથી સ્થાનિક લોકોએ તાત્કાલિક ફાયર કંટ્રોલ રૂમને આ અંગે જાણ કરી હતી. ઘટનાની ગંભીરતાને સમજીને રૂઢ ફાયર સ્ટેશનનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ફાયર સબ ઓફિસર પ્રગ્નેશ પટેલના જણાવ્યા અનુસાર, યુવકની માનસિક સ્થિતિ અસ્થિર હોવાને કારણે જવાનોએ ખૂબ જ સતર્કતા દાખવી હતી અને સૌપ્રથમ તેનો વિશ્વાસ જીતવાનો પ્રયાસ કર્યો હતો. ફાયરના જવાનોએ એક ચોક્કસ આયોજનબદ્ધ

...અનુસંધાન પાના 7 પર

**પીએમની અપીલની સુરતમાં મોટી અસર**

# આઈટી સેક્ટરે અપનાવ્યું ‘વર્ક ફ્રોમ હોમ’ અને ‘કારપૂલિંગ’નું હથિયાર

**સુરતની** આઈટી કંપનીએ 70 ટકા કર્મચારીઓને વર્ક ફ્રોમ હોમ આપ્યું

સુરતઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેશના સંસાધનોના વિવેકપૂર્ણ ઉપયોગ અને ઈંધણ બચત માટે કરવામાં આવેલી અપીલની સુરતમાં વ્યાપક અસર જોવા મળી રહી છે. શહેરના આઈટી (IT) સેક્ટરની કંપનીઓ અને યુવા પ્રોફેશનલ્સે આ



દિશામાં સકારાત્મક પહેલ કરી છે. રાષ્ટ્ર નિર્માણના આ કાર્યમાં હવે ‘વર્ક ફ્રોમ હોમ’ અને ‘કારપૂલિંગ’ મુખ્ય હથિયાર બન્યા છે.

### કંપનીઓએ બદલ્યો વર્કિંગ મોડલ: 70% સ્ટાફને વર્ક ફ્રોમ હોમ

સુરતની આઈટી કંપનીના સીઈઓ કુણાલ શાહે જણાવ્યું કે, વડાપ્રધાનની અપીલને ગંભીરતાથી લઈને તેમણે ઓફિસના કામકાજની પદ્ધતિમાં મોટો ફેરફાર કર્યો છે.

...અનુસંધાન પાના 7 પર

### યુવાનોનો નવો મંત્ર: કારપૂલિંગ અને પબ્લિક ટ્રાન્સપોર્ટ

આઈટી કંપનીમાં કામ કરતા યુવા પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થીઓ પણ આ ઝુંબેશમાં ઉત્સાહભેર જોડાયા છે. બારડોલીથી સુરત અપ-ડાઉન કરતા જેસ્મીન પરમાર અને ધ્રુવીએ જણાવ્યું કે, જ્યારે ઓફિસ આવવું ફરજિયાત હોય ત્યારે પણ તેઓ અંગત વાહનો લાવવાને બદલે પબ્લિક ટ્રાન્સપોર્ટ અથવા સહકર્મીઓ સાથે ‘કારપૂલિંગ’ કરવાનું પસંદ કરે છે. હવે પરિવારોમાં પણ એક જ રૂટ પર જવા માટે અલગ-અલગ વાહનોના બદલે એક જ વાહન વાપરવાની

...અનુસંધાન પાના 7 પર

## સાત વર્ષના બાળકનું ઘોડિયામાંથી પડી જતાં મોત

સુરતઃ સણીયા ગામમાં ઘોડિયામાં સૂતેલા સાત મહિનાના બાળકનું નીચે પડી જતાં મોત નીપજ્યું હતું. બાળક ઊંઘમાં પડખું ફરવા જતી વખતે નીચે પટકાયું હતું.

મળેલી માહિતી મુજબ, મૂળ દાહોદના વતની નરેશભાઈ બિલવાલ હાલ સણિયા ખાતે સંગીની ટેક્સટાઈલ એવન્યુ નામની નવી બંધાતી સાઈટની લેબર કોલોનીમાં બે પુત્ર સહિતના પરિવાર સાથે રહે છે અને દંપતી આ સાઈટ પર મજૂરી કામ કરે છે. શુક્રવારે બપોરે તેમના સંતાન

...અનુસંધાન પાના 7 પર

અવસાન/શ્રદ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર

# રૂ.૬૩૧ કરોડના સાયબર ફ્રોડ નેટવર્કમાં સુરતના વધુ 5ની ધરપકડ

**સુરત** પોલીસના હાથે ઉધનામાંથી પકડાયેલા આરોપીએની કબૂલાતથી સમગ્ર નેટવર્ક ખુલ્લું પડ્યું હતું

ગાંધીનગર : ગુજરાત પોલીસના સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ (સીઆઈડી ક્રાઈમ) દ્વારા હાથ ધરવામાં આવેલા “ઓપરેશન મ્યુલ હન્ટ ૨.૦” અંતર્ગત દેશવ્યાપી સાયબર ફ્રોડના મોટા આંતરરાજ્ય નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. અમદાવાદ, સુરત, વડોદરા, ભરૂચ અને રાજકોટ ખાતે એકસાથે દરોડા પાડી પોલીસે કુલ ૧૩ આરોપીઓની ધરપકડ કરી છે. પ્રાથમિક તપાસમાં આ ગેંગ દ્વારા અંદાજે રૂ. ૬૩૧.૮૯ કરોડથી વધુનું

...અનુસંધાન પાના 7 પર

### ઠગાઇ માટે ઊભી કરેલી બોગસ પેઢી

» ‘સૌરઠ ઓવર્સીસ’ » ‘SNB ACQUA SHIPPING PVT LTD’ » ‘Zeppelin Overseas Shipping Pvt Ltd’ » ‘DKG Creation and Technologies’

### પકડાયેલા 13માંથી 5 આરોપી સુરતના

૧. મનીષ જ્ઞાનચંદ લોઢા ( મણીનગર, અમદાવાદ ) ૨. અંકિત શાંતિલાલ લોઢા ( મણીનગર, અમદાવાદ ) ૩. નવીન વિજયકુમાર વૈષ્ણવ (ઉધના, સુરત ) ૪. મોહિતકુમાર રઘુવરસિંહ નાહર (જૈન- વેસુ, સુરત) ૫. માધવજી વેલજીભાઈ કોટડિયા (રાજકોટ) ૬. નયન દિનેશભાઈ ઇટાલીયા (વેડ રોડ, સુરત) ૭. નિમેષ મનસુખભાઈ જેતાણી (એ.કે. રોડ, સુરત) ૮. વિમલ ભગવાનભાઈ જાડા (મોટા વરાછા, સુરત) ૯.

...અનુસંધાન પાના 7 પર



: પ્રાર્થનાસભા :

દિલગીરી સહ જણાવવાનું કે અમારા માતૃશ્રી **કુમુદબેન મનહરલાલ પંડ્યા** તા. ૧૯/૦૫/૨૦૨૬ ના રોજ દેવલોક પામ્યા છે.

: સ્થળ અને સમય :

કોન્ફરન્સ હોલ, SVBP ગેસ્ટ હાઉસ, પીપલોદ, સુરત

તા. ૨૪/૦૫/૨૦૨૬, રવિવાર

સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાકે

રીના – ડૉ. પરાગ પંડ્યા | બિનિતા પંડ્યા
ટીના – વિક્રમ પંડ્યા | નીતા – જનક શેલત

**અગીયારમી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



“જન્મ અને મૃત્યુ નિશ્ચિત છે” કેટલું નહિ, કેવુ જીવ્યા એ જ યાદ રહી જાય છે. તમારો દેહ તો વિલીન થયો છે પરંતુ આત્મા વિલીન થયો નથી. અમારા હૃદયમાંથી આપની સ્મૃતિ કદી વિસરાશે નહીં. પ્રભુ આપના આત્માને પરમ શાંતિ અર્પે એ જ ભાવનાત્મક શ્રદ્ધાંજલિ.

**સ્વ. રાજેન્દ્ર (રાજુભાઇ) વિનોદરાય મોદી**
સ્વ. તા. ૨૪-૦૫-૨૦૧૫
માજી પ્રમુખશ્રી, કામરેજ તાલુકા પંચાયત, મુ.પો. ખોલવડ, તા. કામરેજ

લિ.
શ્રી અંબિકા ઓટો ગ્રુપ પરિવાર

**દસમી માસિક શ્રદ્ધાંજલિ**



**સ્વ. શાંતિલાલ રતનજીભાઈ પટેલ**
સ્વ. તા. ૨૪/૦૭/૨૦૨૫

લાખો લડાવી લાડ જેણે પ્રેમથી મોટા કર્યા એ પપ્પાની મીઠી છાયા ક્યાંય જગમાં ન મળે, હૈયુ રડે, નયનો રડે ને રડી રહ્યા સંતાનો એ આંસુડાને લુછનાર માયાળુ પિતા ક્યાં મળે, જેણે તડકો વેઠી શૂન્યમાંથી સર્જન કર્યુ તે પિતાના દિવ્ય આત્માને પ્રભુ ચિરશાંતિ અર્પે એ જ પ્રભુને પ્રાર્થના... ૐ શાંતિ...ૐ શાંતિ...ૐ શાંતિ

લિ.
ગં.સ્વ. કુસુમબેન શાંતિલાલ પટેલ (પત્ની)
તરૂણ એસ. પટેલ (પુત્ર) | નિશા ટી. પટેલ (પુત્રવધુ)
અનંત એસ. પટેલ (પુત્ર) | નેહા એ. પટેલ (પુત્રવધુ)
કિરણકુમાર ડી. પટેલ (જમાઈ) | ડો. રોશની કે. પટેલ (પુત્રી)
આશ્રી, રેહાન, હિવા, જીઆના, મિહાન

**પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



**સ્વ. ધનસુખલાલ** રંગીલદાસ પટેલ (ગાંધી) સ્વ.તા. ૨૪-૦૫-૨૦૨૩

**સ્વ. મહાલક્ષ્મીબેન** ધનસુખલાલ ગાંધી સ્વ.તા. ૨૪-૦૯-૨૦૦૯

સ્નેહથી સિંચેલા તમારા બાગમાં અમે પંખી બની કિલ્લોલ કરતા હતા, નિર્ભય હતા તમારી છત્ર છાયામાં, ન હતી ફિકર કે ન હતી ચિંતા, તમે અમારી ઢાલ બની બેઠા હતા, વિધિના લેખ મિટાવી ન શક્યા અમે, સમૃદ્ધિ મળશે પણ કલ્પવૃક્ષ જેવી તમારી છત્ર છાયા અમને ક્યાંય નહીં મળે, આજે ફરી તમને મળવાનું મન થાય છે, પાસે બેસી વાતો કરવાનું મન થાય છે, સુખ દુ:ખની વ્યથા કહેવાનું મન થાય છે, તમે આવશો આસુ લૂછવા એ વિચારીને આજે ફરી રડવાનુ મન થાય છે. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી અમારી અંતર દિલથી પ્રાર્થના...

લિ.
હરેશ ધનસુખલાલ પટેલ (પુત્ર) | ઉવર્શી હરેશચંદ્ર ગાંધી (પુત્રવધુ)
નરેશ ધનસુખાલાલ ગાંધી (પુત્ર) | મંજરી નરેશચંદ્ર ગાંધી (પુત્રવધુ)
કિરીટ ધનસુખલાલ ગાંધી (પુત્ર) | ભાવના કિરીટચંદ્ર ગાંધી (પુત્રવધુ)
અરવિંદકુમાર ચંપકલાલ કાપડિયા (જમાઈ) | રેખાબેન અરવિંદકુમાર કાપડિયા (પુત્રી)
તથા સમસ્ત રંગીલદાસ લલ્લુભાઈ ગાંધી પરિવાર



**પ્રથમ પુણ્યતિથિએ અશ્રુભીની શ્રદ્ધાંજલિ**

સંતાનો અને માતાનો સંબંધ અતૂટ છે. વય સમય કે દેહ વિલય કશું જ એને તોડી ન શકે ‘માં’ તુ સદા સદેહ છત્ર બનીને જીવી હવે દુર રહી સ્વર્ગ માંથી તારા સ્નેહભીના આશિષ, તારી હૂંફ, તારો વ્હાલ સતત સંસારના તડકા છાંયડા ‘માં’ અમારી સાથે જ રહેશે.

**સ્વ. લલીતાબેન** હરિશભાઈ આહીર
સ્વ.તા. ૨૪/૦૫/૨૦૨૫

લિ.
હરિશભાઈ મીઠાભાઈ આહીર
ચેતનભાઈ હરિશભાઈ આહીર (પુત્ર) | જીગ્નેશા ચેતનભાઈ આહીર (પુત્રવધુ)
કાર્તિકભાઈ હરિશભાઈ આહીર (પુત્ર) | બીના કાર્તિકભાઈ આહીર (પુત્રવધુ)
ધનેશકુમાર મકનભાઈ આહીર (જમાઈ) | પ્રિતી ધનેશકુમાર આહીર (પુત્રી)
પૃષ્ટિ, મિરાયા, દિશાની, ત્રત્વી, માર્મિક
તથા સમસ્ત મીઠાભાઈ રતનજીભાઈ આહીર પરિવાર